# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## "સીઆરસી કો.ઓ.પરીક્ષા-૨૦૨૫ પરિણામનું જાહેરનામું

ક્રમાંક:રાપબો/સીઆરસી/૨૦૨૫/૧૭૭૮૧-૧૭૮૮૬ તારીખ: ૧૦/૦૯/૨૦૨૫

એસ.એસ.એ.ગાંધીનગરના તા:૨૪/૦૭/૨૦૨૫ પત્ર ક્રમાંક:એસેસ/QEM/સીઆરસીભરતી/૨૦૨૫/૪૦૯30-૯૩૪ અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તારીખ:૨૪/૦૮/૨૦૨૫ ના રોજ ૧૩:00 થી ૧૫:00 કલાક દરમ્યાન સીઆરસી પરીક્ષાનું રાજ્યના ચાર જિલ્લા (અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરત) ખાતે આવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે OMR Based લેખિત પરીક્ષા-૨૦૨૫ નું આયોજન કરવામાં આવેલ હતું.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૨૫/૦૮/૨૦૨૫ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા:૨૫/૦૮/૨૦૨૫ થી તા:30/૦૮/૨૦૨૫ સુધીમાં તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારોને સાથે રાજ્ય પરીક્ષા બોર્ડના ઇ-મેલ એડ્રેસ : sebg.query@gmail.com પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે મળેલ રજૂઆતોને તજજ્ઞો સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞો દ્વારા તમામ રજૂઆતો અને આધારોની ચકાસણી કરી પ્રોવિઝનલ આન્સર કીમાં આપેલ ઉત્તરોમાં જરૂરી સુધારા કરી તા:૦૪/૦૯/૨૦૨૫ ના રોજ સુધારેલ ફાઇનલ આન્સર કી તૈયાર કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૪/૦૮/૨૦૨૫ (રવિવાર) ના રોજ યોજાયેલ સીઆરસી કો.ઓ. પરીક્ષા માં હાજર ઉમેદવારોનું પરીણામ આજ **તા:૧૦/૦૯/૨૦૨૫** ના રોજ નીચેની વિગતે બોર્ડની વેબસાઇટ **www.sebexam.org** પર જાહેર કરવામાં આવે છે. પરિણામ જોવા 'Print Result' ઓપ્શન પર ક્લીક કરી પોતાનો Application Number ટાઇપ કરી અને Date of Birth (જન્મ તારીખ) સીલેક્ટ/ક્લીક કરી Submit બટન પર ક્લીક કરવાથી ઉમેદવાર પોતાનું પરિણામ જોઇ શકશે.

- **પરીણામની વિગતો:**

| CRC-2025 Result Summry 10-09-2025 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Exam Name | Register | Absent | Present | Marks Range | | | | | | |
| | | | | 0-39 | 40-49 | 50-59 | 60-69 | 70-79 | 80-90 | 91-100 |
| CRC-2025 | 3562 | 1418 | 2144 | 142 | 613 | 956 | 394 | 37 | 2 | 0 |

- **અગત્યની સૂચનાઓ**
- સીઆરસી કો.ઓ. પરીક્ષાના પરિણામ બાદ આ પરીક્ષાની આગામી કાર્યવાહી સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા, સેક્ટર - ૧૭, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

  નોંધ: આ પરીક્ષા માટે ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા, સેક્ટર - ૧૭, ગાંધીનગર દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડને મોકલવામાં આવેલ કન્ફોર્મ થયેલ ઉમેદવારોની યાદીના આધારે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવેલ હતો. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સદર ઉમેદવારોની પરીક્ષામાં ઉપસ્થિત થવાની પાત્રતા (શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે) અંગેની ચકાસણી થયેલ નથી. આ પરીક્ષા આપવાથી ઉમેદવાર નિયત લાયકાત અને નિયત અનુભવ ધરાવે છે તેવો દાવો કરી શકશે નહીં.

* જે ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૧૧/૦૯/૨૦૨૫ થી તા:૧૭/૦૯/૨૦૨૫ સુધી રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની ફાઇનલ આન્સર કી મુજબ પુન:ચકાસણી કરાવી શકશે. તા:૧૭/૦૯/૨૦૨૫ કચેરી સમય બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
* OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૧૦/૦૯/૨૦૨૫

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ અર્થે રવાના:-</u>

* માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
* માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
* અંગત સચિવશ્રી, માન.સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* માન. સચિવશ્રી સમગ્ર શિક્ષા અભિયાન, (એસ.એસ.એ) ગાંધીનગર

<u>નકલ જાણ અર્થે રવાના:-</u>

* જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
* જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ.
* શાસના અધિકારીશ્રી તમામ.